પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૫૫ | ૬ મે, ૨૦૧૯, સોમવાર; વૈશાખ સુદ-૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે પાંચમા તબક્કામાં ૫૧ બેઠકો પર મતદાન

**૭ રાજ્યોમાં યોજાનાર મતદાનમાં સૌથી વધુ ઉત્તર પ્રદેશની ૧૪, રાજસ્થાન-૧૨, મધ્યપ્રદેશ, પંશ્ચિમ બંગાળની સાત સીટો પર મતદાન : કુલ ૫૧ બેઠકો પર ૬૭૪ ઉમેદવારો મેદાનમાં,રાજનાથસિંહ, સ્મૃતિ ઇરાની, રાહુલ, સોનિયા ગાંધી સહિતના દિગ્ગજ ઉમેદવારોનું ભાવિ ઇવીએમમાં કેદ થશે**



નવી દિલ્હી,તા. ૫

લોકસભા ચૂંટણીના ચાર તબક્કા માટે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આવતીકાલે પાંચમા તબક્કાની ચૂંટણી માટે મતદાન થનાર છે.આને માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. પાંચમા તબક્કામાં યોજાનાન મતદાન વેળા કોઈ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને તે માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ઉંચા મતદાનની ખાતરી કરવા માટે વિવિધ સંસ્થાઓ દ્વારા પહેલાથી જ અપીલ કરવામાં આવી છે.આવતીકાલે પાંચમા તબક્કામાં મતદાન વેળા રાજસ્થાન અને મધ્યપ્રદેશની મુખ્ય સીટો પર મતદાન થનાર છે. આ મતદાન એટલા માટે ઉપયોગી છે કે હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં આ બંને રાજ્યોમાં કોંગ્રેસની જીત થઈ હતી. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોને આવરી લેતી ૫૧ સીટ ઉપર આવતીકાલે મતદાન યોજાનાર છે. પાંચમાં તબક્કામાં ૬૭૪ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. જેમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને સ્મૃતિ ઈરાનીનો સમાવેશ થાય છે. પ્રથમ ચાર તબક્કામાં ૩૭૩ સીટ પર મતદાનની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ આવતીકાલે વધુ ૫૧ સીટ મતદાન થનાર છે. આવતીકાલે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૪૨૫ સીટ પર મતદાનન પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. ત્યારબાદ ૧૧૮ સીટ પર મતદાનની પ્રક્રિયા બાકી રહેશે. પાંચમા તબક્કામાં ૬૭૪ ઉમેદવારો ભાગ્ય અજમાવવા જઈ રહ્યા છે. મેદાનમાં રહેલા કુલ ઉમેદવારો પૈકી ૧૮૪ ઉમેદવારો કરોડોની સંપત્તિના માલિક છે. આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે ૨.૫૬ કરોડ રૂપિયા ઉમેદવારોની સરેરાશ સંપત્તિ રહેલી છે. પાંચમા તબક્કાની ચૂંટણીમાં મેદાનમાં રહેલા ઉમેદવારો પૈકી ૧૫૦ ઉમેદવારો રાષ્ટ્રીય પાર્ટીઓના છે. આવી જ રીતે ૩૧ ઉમેદવારો રાજ્ય સ્તરીય પક્ષોના રહેલા છે. ૨૪૦ ઉમેદવારો નોંધાયેલા

● અનુસંધાન પાન-૭ પર

## દેશના નવા વડાપ્રધાનની ચિંતા પીએમ મોદી ન કરે : માયાવતી

**હવે એકબીજાને લડાવી મોદી શાસન કરવા માંગે છે**
**રાયબરેલ-અમેઠીમાં કોંગીને મતો પડશે : માયા**




લખનૌ, તા. ૫

ઉત્તરપ્રદેશની રાજનીતિ હાલના દિવસોમાં દિગ્ગજ નેતાઓના આક્ષેપબાજીના કારણે ગરમ બની ગઈ છે. માયાવતીની સાથે મોટી રમત રમવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દાવા પર બસપના વડા માયાવતીએ આજે વળતા પ્રહાર કર્યા હતા. માયાવતીએ પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે મોદી પોતાની ચિંતા કરે તે જરૂરી છે. બીજાની ચિંતા કરવાની જરૂર નથી.

રાયબરેલી અને અમેઠીમાં ઉમેદવાર ન ઉતારવના પ્રશ્ન પર તેમણે કહ્યું હતું કે અમારા વોટર સાયલેન્ટ વોટર છે. અમારા મતદારો ઈશારા સમજીને મતદાન કરે છે. રાયબરેલી અને અમેઠીમાં તેમના કોર મતદારો કોંગ્રેસના ઉમેદવારને જ મત આપશે. આમાં કોઈ બે મત નથી. લોકસભા ચુંટણીના પ્રચાર દરમિયાન પ્રતાપગઢમાં મોદીએ ગઈકાલે સપા અને બસપા ગઠબંધન પર આક્ષેપો કર્યા હતા અને કહ્યું હતું કે માયાવતીની સાથે મોટી રમત રમાઈ રહી છે. ગઠબંધન ખતરામાં છે.

# અમે વિકાસપંથી કલ્ચર લઈ આવ્યા : મોદી

ભદોહી, તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશમાં ઝંઝાવતી વામપંથી, દામ અને દમન પંથી સંસ્કૃતિ લોકો જોઈ ચુક્યા છે. અમે વિકાસપંથી કલ્ચર લઈને આવ્યા પ્રહાર કર્યા હતા. સાથે સાથે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પર પોતાના નજીકના લોકો અને બિઝનેસ જાતિ અને પંથના નામ ઉપર વિભાજિત કરવાનો આક્ષેપ કર્યો હતો. અખિલેશ અને માયાવતીના

**કોંગ્રેસ દરેક વસ્તુને ચૂંટણીના ચશ્માથી જુએ છે તેથી જ દેશની આવી સ્થિતિ : ઉત્તરપ્રદેશમાં મોદીના ફરીવાર સપા, બસપા, કોંગ્રેસ ઉપર પ્રહારો : સર્જિકલ સ્ટ્રાઈક, મસૂદ અને અન્ય મુદ્દા ઉઠાવ્યા**



પ્રચાર જારી રાખ્યો હતો. મોદીએ મહાગઠબંધન અને કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે દેશમાં નામપંથી, છીએ. ભદોહીમાં પોતાની જનસભા દરમિયાન તેમણે સર્જિકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈકને લઈને વિરોધીઓ પર પાર્ટનરોને સંરક્ષણ સોદા અપાવવાનો આક્ષેપ કર્યો હતો. ઉપરાંત સપા અને બસપાની અગાઉની સરકારો પર સમાજને શાસનકાળમાં થયેલા કૌભાંડનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે તેમની સરકાર પર પાંચ વર્ષમાં

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### અનંતનાગમાં ભાજપ જિલ્લા ઉપાધ્યક્ષની આતંકીઓએ હત્યા કરી

શ્રીનગર,તા.૫

જમ્મુ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં શનિવારે રાત્રે ભાજપના જિલ્લા ઉપાધ્યક્ષ ગુલ મોહમ્મદ મીરની આતંકવાદીઓએ ઘરમાં ઘુસીને ગોળી મારી હત્યા કરી દીધી છે. પોલીસે જણાવ્યુ કે, ત્રણ આતંકવાદી નૌગામ વિસ્તારમાં સ્થિત મીરના ઘરમાં ઘુસ્યા અને તેની કારની ચાવી માંગી અને ગાડી લઈ જતા તેમણે મીરને ગોળી મારી દીધી. શંકાસ્પદને ઝડપવા માટે વિસ્તારમાં નાકાબંધી કરવામાં આવી છે.

# મોદીજી લડાઈ પૂર્ણ થઈ ચૂકી છે, તમારા કર્મ તમારી રાહ જોઈ રહ્યા છે : રાહુલ ગાંધી

**મોદીએ આપેલા પિતા રાજીવ ગાંધીના નિવેદન પર રાહુલનો પલટવાર**

ન્યુ દિલ્હી,તા.૫

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પોતાના દિવંગત પિતા રાજીવ ગાંધી પર પ્રહારો કરતાં પીએમ મોદીને વળતો જવાબ આપ્યો છે. વડાપ્રધાન પર પ્રહારો કરતાં કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે લડાઈ ખત્મ થઈ ચૂકી છે. તેમના પિતા પર કરાયેલા પ્રહારો પણ તેમને (નરેન્દ્ર મોદી) બચાવી શકશે નહીં. આની પહેલાં પીએમ મોદીએ શનિવારના રોજ એક ચૂંટણી રેલીમાં નામ લીધા વગર રાજીવ ગાંધી પર પ્રહારો કર્યા હતા.



રાહુલ ગાંધીએ ટ્વીટ કરી, 'મોદીજી લડાઈ ખત્મ થઈ ચૂકી છે. તમારા કર્મ તમારી રાહ જોઈ રહ્યા છે. તમારી આંતરિક વિચારસરણીને મારા પિતા પર થોપવાથી પણ તમને બચાવી શકાશે નહીં. સપ્રેમ અને ઝપ્પી સાથે-રાહુલ'

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારના રોજ એક ચૂંટણી રેલીમાં બોફોર્સ કૌભાંડની તરફ ઈશારો કરતાં પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી પર નામ લીધા વગર પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે તમારા (રાહુલ ગાંધી) પિતાજીને તમારા રાજ દરબાદીઓએ મિસ્ટર કલીન બનાવી દીધા હતા. પરંતુ જોત જોતામાં ભ્રષ્ટાચારી નંબર વન તરીકે તેમનો જીવનકાળ સમાપ્ત થઈ ગયો. નામદાર આ અહંકાર તમને ખાઈ જશે. આ દેશ ભૂલોને માફ કરે છે, પરંતુ છેતરપિંડી કરનારને કયારેય માફ કરતો નથી.

# વડાપ્રધાને ફેની સંદર્ભે જાણકારી મેળવવા મમતાને બે વાર ફોન કર્યા પણ વાત ન કરી

**અંતે રાજ્યપાલ સાથે સીધી રીતે વાત કરાઇ : મોદી સાથે વાતચીત કરવાનુ મમતાએ ટાળ્યુ : પીએમઓ દ્વારા ખુલાસો કરવામાં આવ્યો**

નવી દિલ્હી,તા.૫

ફેની વાવાઝોડાની સ્થિતિને લઈને પણ મોટો વિવાદ થઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફેની વાવાઝોડાના સંદર્ભમાં બંગાળના મુખ્યમંત્રી સાથે વાતચીત કરવાના સતત પ્રયાસ કર્યા હોવા છતાં મમતા બેનર્જીએ બહાનાબાજી કરીને વાતચીત ન કરતા અંતે વડાપ્રધાને સીધી રીતે બંગાળના રાજ્યપાલ સાથે વાતચત કરીને ફેની વાવાઝોડા બાદ ઉભી થયેલી સ્થિતિના સંદર્ભમાં માહિતી મેળવી હતી. આ સંદર્ભમાં પીએમઓ તરફથી આજે ખુલાસો કરાયો હતો. બીજ બાજુ ટીએમસીએ મોદી સરકાર ઉપર બંધારણીય માળખાનું અપમાન કરવાનો આક્ષેપ કર્યો છે. આજે રવિવારે પીએમઓના સૂત્રોના અહેવાલથી કહેવામાં આવ્યું હતું કે સ્ટાફ દ્વારા પહેલી વખત મુખ્યમંત્રીને ફોન કર્યો તો કહેવાયું કે તેઓ મુલાકાત માટે ગયા છે. બીજી વખત જણાવવામાં આવ્યું કે મમતા બેનર્જી વડાપ્રધાન સાથે વાત કરશે. પીએમઓનું આ નિવેદન મીડિયા રિપોટ્સ પછી આવ્યું છે, જેમાં કહેવાયું હતું કે વડાપ્રધાન મોદીએ સીધી જ બંગાળના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠી સાથે વાત કરવાથી ટીએમસીએ નારાજગી દાખવી હતી. તૃણુમૂલે દાવો કર્યો હતો કે વડાપ્રધાન વાવાઝોડાં બાદ માત્ર ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયક સાથે વાત કરી, બંગાળના મુખ્યમંત્રીને કોઈ જ ફોન કર્યો ન હતો.પીએમઓ મમતા બેનર્જીની પાર્ટીના આ દાવાને ખોટાં ગણાવ્યા હતા. તૃણુમૂલના મહાસચિવ પાર્થ ચેટર્જીએ કહ્યું હતું, નરેન્દ્ર મોદીએ સંઘીય વ્યવસ્થાનું અપમાન કર્યુ છે. તેઓએ વાવાઝોડાંથી થયેલાં નુકસાનની જાણકારી માટે મુખ્યમંત્રી સાથે વાત કરવાનું ટાળી સીધી જ રાજ્યપાલ સાથે વાત કરી હતી. આ બંધારણીય વ્યવસ્થાને નબળું પાડવા જેવી વાત છે.



તેઓએ રાજ્યપાલને એક વડાપ્રધાન નહીં પણ ભાજપના નેતા તરીકે ફોન કર્યો હતો. મોદી કઈ રીતે જનાદેશને અવગણી શકે છે? મમતા બેનર્જી ચૂંટાયેલા મુખ્યમંત્રી છે. પીએમનું આવું કરવું દુર્ભાગ્યપૂર્ણ છે. શનિવારે મોદીએ ટ્વિટ કરી જણાવ્યું હતું કે તેઓએ ઓરિસ્સાના મુખ્યમંત્રી સાથે વાત કરી વાવાઝોડાંની સ્થિતિની સમીક્ષા કરી હતી. તેઓ સોમવારે ઓરિસ્સાની મુલાકાતે જશે. કેન્દ્ર સરકાર દરેક સંભવ મદદ માટે ઓરિસ્સાની સાથે છે. બંગાળના રાજ્યપાલ સાથે પણ વાત કરી હતી, લોકોને થયેલી ક્ષતિ માટે કેન્દ્ર સરકાર મદદ માટે તૈયાર છે. મમતા બેનર્જી અને નરેન્દ્ર મોદી વચ્ચે લોકસભા ચુંટણીને લઈને હાલમાં આક્ષેપબાજીનો દોર ચાલી રહ્યો છે.

## પાકનું રાજૌરી સેક્ટરમાં ફાયરિંગ ભારતનો જડબાતોડ જવાબ

રાજૌરી,તા.૫

જમ્મુ કાશ્મીરના પુંછમાં પાકિસ્તાને ફરીવાર ભારતીય ચોકીઓને નિશાન બનાવી સીઝ ફાયરનું ઉલ્લંઘન કર્યુ છે. પાકિસ્તાને પુંછ બાદ રાજોરીના કેરી સેક્ટરમાં પણ ફાયરિંગ કર્યુ. જેમા મહમંદ મહરુફ નામનો એક નાગરિત ઘાયલ થયો. જેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો. પાકિસ્તાને ભારતીય સીમામાં ફાયરિંગ સાથે મોર્ટારનો પણ મારો કર્યો. તેના વળતા જવાબમાં ભારતીય સેનાએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો.

આ પહેલા પાકિસ્તાને બીજી મેના દિવસે પુંછમાં સીઝ ફાયરનું ઉલ્લંઘન કર્યુ હતુ. પાકિસ્તાને ભારતીય ચોકી પર ગોળીબાર અને મોર્ટારનો મારો કર્યો. જે બાદ ભારતીય સેનાએ મોરચો સંભાળી પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો. પાકિસ્તાન આતંકવાદીઓને ઘુસણખોરી કરાવવા માટે સતત સીઝ ફાયરનું ઉલ્લંઘન કરે છે. ત્યારે ફરીવાર પાકિસ્તાને ભારતીય ચોકીને નિશાન બનાવી છે. જેનો જવાબ ભારતીય જવાનોએ આપ્યો છે.

## ઈસરોના પાંચ સેટેલાઈટે ફાની ચક્રવાતમાં લાખો જિંદગી બચાવવામાં મદદ કરી

એક સપ્તાહ પૂર્વ હવામાન વૈજ્ઞાનિકોએ દક્ષિણ હિન્દ મહાસાગરમાં લો પ્રેશરની સ્થિતિને ઓળખી હતી. પાંચ ભારતીય સેટેલાઈટે આ લો પ્રેશર ક્ષેત્ર પર સતત ચાંપતી નજર રાખી હતી જે ચક્રવાત ફણીનું સ્વરૂપ ધારણ કરી રહ્યું હતું. ફણી અત્યંત વિનાશક ચક્રવાતનું રૂપ ધારણ કરી રહ્યું હતું, ત્યારે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન દ્વારા મોકલવામાં આવતા સેટેલાઈટ દર ૧૫ મિનિટે ગ્રાઉન્ડ સ્ટેશન પર ડેટા મોકલી રહ્યા હતા.

## મારી પર થતા હુમલાઓ માટે ભાજપ સરકાર જવાબદાર : કેજરીવાલ

ન્યુ દિલ્હી,તા.૫

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ચૂંટણી પ્રચાર દરમિયાન એક યુવકે થપ્પડ મારવાની ઘટનાની આમ આદમી પાર્ટીએ નિંદા કરતા કેજરીવાલ પર થઈ રહેલા હુમલા પાછળ ભાજપનો હાથ હોવાનો આરોપ લગાવ્યો.

અરવિંદ કેજરીવાલે એક પ્રેસ કોન્ફરન્સ યોજી કહ્યું કે, છેલ્લા પાંચ વર્ષમાં મારી પર ૯ હુમલા કરાવવામાં આવ્યા. આ હુમલા મારા પર નહી દિલ્હીની જનતા પર થયા છે. જો મારી પર હુમલા થયો તો જવાબદારી ભાજપ સરકારની છે.

અરવિંદ કેજરીવાલે કહ્યું કે, હુમલાખોરની પત્નિએ કહ્યું કે તેનો પતિ મોદીજી વિરુદ્ધ કંઈ નથી સાંભળી શકતા. તેથી આ હુમલો કરાવવામાં આવ્યો છે જેથી મોદીજી વિરુદ્ધ બોલનારાઓ ડરી જાય. આ એક તાનાશાહ લક્ષણ છે, પરંતુ હું ડરવાનો નથી. મને ખુશી છે કે દેશના લોકો પણ અવાઝ ઉઠાવી રહ્યાં છે. દેશના ઘણાં નેતાઓએ આ હુમલા વિરુદ્ધ આવાઝ ઉઠાવ્યો છે. દેશના વડાપ્રધાન મોદીની તાનાશાહી વિરુદ્ધ આવાઝ ઉઠાવી રહ્યાં છે.

ઉલ્લેખનિય છે કે, દિલ્હીમાં રોડ-શો દરમિયાન સુરેશ નામના વ્યક્તિએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને થપ્પડ મારી હતી ત્યારે એક બાજુ આમ આદમી પાર્ટી આ ષડ્યંત્ર ગણાવી રહી છે.







